બુક પોસ્ટ

**સમય મર્યાદા**

પરીપત્ર - 562

નં.અપગ/શિષ્યવૃત્તિ/ ૧૧૭૯ થી ૨૫૪૧ / ૨૦૨૦
જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,
બહુમાળી ભવન, 'એ' બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર,અમરેલી.
તા. ૧૯ / ૦૮ / ૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ........

પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ

મું.........—..................તા.....તમામ............

જિ. અમરેલી

વિષય: વર્ષ ૨૦૨૦-૨૧ની દિવ્યાંગ શિષ્યવૃતિના અરજી પત્રકો ડિજીટલ પોર્ટલ પર ઓનલાઇન તૈયાર કરી શિષ્યવૃતિની દરખસ્તો મોકલવા અંગે.

સંદર્ભ : નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ ગાંધીનગરના પત્ર નં સ.સુ.ખા / અપગ/ સ્કોલરશીપ / ૨૦૨૦-૨૧ / ૭૩૫૫, તા.૩૧/૦૭/૨૦૨૦

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરના વિષય તથા સંદર્ભ અન્વયે આપને જણાવવાનું કે આ જીલ્લાની તમામ સરકાર માન્ય તથા ખાનગી પ્રાથમીક શાળાઓ, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમીક શાળાઓ, સરકાર માન્ય કોલેજો, I.T.I.,પોલીટેકનીક તથા જીલ્લાની તમામ શૈક્ષણીક સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીના હાલના અભિગમ અનુસાર આ જીલ્લામાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમા ઝડપી ઓનલાઇન દિવ્યાંગ શિષ્યવૃતિ ચુકવવાનું નકકી થતા, આપની શાળામાં અભ્યાસ કરતા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓ જો નીચે મુજબની પાત્રતા ધરાવતા હોય તો તેઓની અરજી **www.digitalgujarat.gov.in** વેબસાઇટ પર તા.૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં દરખાસ્ત ઓનલાઇન કરી, હાયર ઓથોરીટીને સેંન્ડ કરવા અને દરખાસ્તની એક હાર્ડ કોપી મુદ્દામ કર્મચારી સાથે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બહુમાળી ભવન, બ્લોક-એ, ગ્રાઉન્ડ ફ્લોર, અમરેલી ની કચેરીને તુરત જ મોકલી આપવા જણાવવામાં આવે છે.

દિવ્યાંગ વિદ્યાર્થી નીચે મુજબની પાત્રતા ધરાવતો હોય તો તેની દરખાસ્ત સમાજ સુરક્ષા વિભાગમાં કરવાની રહેશે.

(૧) સેક્શન ઓફીસરશ્રી, સામાજીક ન્યાય અને અધિકારી વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક / અપગ / ૧૦૨૦૧૮ / ૭૦૪૭૬૨ / છ-૧, સચિવાલય, ગાંધીનગર નાં તા.૨૭ / ૧૨ / ૨૦૧૯ મુજબ વિદ્યાર્થી કોઇ પણ દિવ્યાંગતા ધરાવતો હોય કે જેની ટકાવારી ૪૦ % કે તેથી વધું હોવી જોઇએ.
(૨) ગત પરીક્ષામાં ૪૦% થી વધુ માર્કસ મેળવેલ હોવા જોઇએ તથા શાળામા નિયમીત હાજરી હોવી જોઇએ.
(૩) ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીની જ્ઞાતિ અચુક દર્શાવવી.
(૪) વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા રદ કરવામાં આવી છે. જેની નોંધ લેવા વિનંતી.

ઉપરોકત બાબતને ધ્યાને લઇ આપની શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની શિષ્યવૃતીની દરખાસ્ત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કરવાની રહેશે. દરખાસ્ત કરતા પહેલા જે

ચોળા ૩૭૪ ૨૧૮૫



Scanned with CamScanner

વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ / ડોરમેન્ટ / બંધ થઈ ગયેલ નથી તેની ખાતરી કરવાની રહેશે અને તે વિધાર્થી સાથે સંકલન કરી, જરૂરી કાર્યવાહી કરી, ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે. દરખાસ્ત ઓનલાઇન કર્યા બાદ વિદ્યાર્થીના બેંક ખાતાનું ઓનલાઇન વેરીફીકેશન કરી અને પ્રપોઝલ બનાવવી. ત્યારબાદ હાયર ઓથોરીટીને ઓનલાઇન સેન્ડ કરી તે દરખાસ્તની પ્રીંન્ટ શાળાના લેટર પેડ સાથે વિદ્યાર્થીઓનાં (૧) બેંક એકાઉન્ટની પાસબુકની નકલ (૨) દિવ્યાંગતાનુ ડોકટરી સર્ટીફિકેટ (૩) પાસ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટની નકલ (૪) આધારકાર્ડ ની નકલ જોડીને અત્રેની કચેરી ને મોકલવાની રહેશે.

દરેક શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે જો આપની શાળામાં દિવ્યાંગ વિદ્યાર્થી નથી તો શાળાનાં લેટર પેડ પર આપની શાળાની નીલ માહીતી મોકલવાની રહેશે. જો શાળામાં દિવ્યાંગ વિદ્યાર્થી હોય અને સમાજ સુરક્ષા સિવાયના અન્ય વિભાગમા તે દિવ્યાંગ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરેલ હોય તો તેઓએ શાળાના લેટર પેડ ઉપર અન્ય વિભાગમા દિવ્યાંગ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરેલ છે તેવી માહિતી મોકલવાની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

જે દિવ્યાંગ વિદ્યાર્થીઓના દિવ્યાંગતાનાં તબીબી પ્રમાણપત્રો કઢાવવાના બાકી છે અને તેના કારણે દિવ્યાંગ વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત રહેતા હોય તો તેવી શાળાના આચાર્યશ્રીએ દિવ્યાંગ વિધાર્થીનું દિવ્યાંગતાનુ ડોક્ટરી પ્રમાણપત્ર મેળવી ઓનલાઇન દરખાસ્ત મોકલી આપવાની રહેશે. પ્રમાણપત્ર મેળવવા જતા સમયે દિવ્યાંગ વિદ્યાર્થીના જરૂરી પાસપોર્ટ સાઇઝના ફોટો, અસલ રેશનકાર્ડ, આધાર કાર્ડ તથા દિવ્યાંગ વિદ્યાર્થીને સાથે લઇ સિવીલ હોસ્પીટલ-અમરેલી ખાતે મોકલવાનાં રહેશે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લઇ આ કામગીરીને તાત્કાલિક પુર્ણ કરવાની હોવાથી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્ત મોકલી આપવા આથી આપને જણાવવામાં આવે છે. આ ઉપરાંત ડીજીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડીજીટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર સંપર્ક કરવાનો રહેશે.

( વી.એ.સૈયદ )
બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ
જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી
અમરેલી

ક્રમાંક:યોજના/દિવ્યાંગ/શિષ્યવૃત્તિ/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૨૬/૦૮/૨૦૨૦

ઉપરોક્ત પરીપત્ર જાણ તથા તાત્કાલિક અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner